Date :- 13-08-2025
Sandesh, Page-04, Surat

## વિમાન અને યાત્રીઓની સંખ્યા વધવાની શક્યતાને લીધે આયોજન

# ફ્લાઈટથી ઉતરીને મેટ્રોની સવારી કરશે સુરતીઓ, એરપોર્ટ સુધી મેટ્રો દોડાવાશે

### સુરત એરપોર્ટ સુધી દોડશે મેટ્રો, રૂટ લંબાવવા માટેની વિચારણા

### મેટ્રો દ્વારા ફિઝિબિલિટી શોધવા અને પ્રાથમિક વિગતો મેળવવા પ્રયાસો

। સુરત ।

શહેરના સૌથી મહત્ત્વાકાંક્ષી એવા મેટ્રો રેલનો લાભ વધુમાં વધુ લોકો સુધી પહોંચે અને વધુમાં વધુ વિસ્તાર કવરેજ થઈ શકે તે માટે મેટ્રો આયોજનબદ્ધ રીતે આગળ વધી રહ્યું છે. એરપોર્ટના માર્ગે સુરત આવતા લોકો પણ મેટ્રોની વૈભવી સુવિધા પણ મેળવી શકે એ દિશામાં હવે મેટ્રો વિચારી રહ્યું છે. જો બધું સમુસૂથરું રહ્યું તો મેટ્રો સુરતીઓ માટે એરપોર્ટ સુધી દોડી શકે છે.



ભારત સહિત એશિયાનાં શહેરોમાં ખૂબ ઝડપી વિકાસ કરી રહેલા સુરત શહેરમાં ટ્રાન્સપોર્ટેશનની સુવિધા સાથે વેપારને વેગ આપવા માટેના વિવિધ આયોજનો હાથ ધરવામાં આવ્યા છે. જે અંતર્ગત સુરતને લોજિસ્ટિક સિટી તરીકે ડેવલપ કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. ત્યારે મેટ્રોનો વ્યાપ પણ વધે અને મોટી સંખ્યામાં લોકો તેનો લાભ લઈ શકે તે માટે નવા રૂટ માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી છે. જેમાં સુરત એરપોર્ટ સુધી મેટ્રો લંબાવવા માટેની વિચારણા શરૂ કરાઈ છે. યાત્રીઓની સંખ્યા, પ્રોજેક્ટની સફળતા અને અન્ય તમામ સંભાવનાઓ જાણવા માટે સરવે પણ હાથ ધરવામાં આવ્યો છે. જો બધું જ પોઝિટિવ રહેશે તો તેના માટે ડીપીઆર તૈયાર કરવામાં આવશે અને આગળની પ્રોસેસ હાથ ધરાશે.

### યાત્રીઓને ભાડામાં લૂંટ અને ટ્રાફિકથી છુટકારો મળશે

દેશના અનેક શહેરોમાં એરપોર્ટ સાથે મેટ્રો કનેક્ટિવિટી ઉપલબ્ધ છે. ફલાઇટમાંથી ઉતર્યા બાદ દૂર-દૂર સુધી જનારા યાત્રીઓને સરળતાથી, ઝડપથી અને ઓછી કિંમતે મેટ્રોની સવારી થઇ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. સુરત એરપોર્ટને પણ હવે મેટ્રો સાથે કનેક્ટ કરી લેવા માટે આયોજન હાથ ધરાયું છે. સુરત એરપોર્ટ પર પ્રતિદિન આશરે 30 જેટલી ફ્લાઇટ અવરજવર કરે છે અને હજ્જારોની સંખ્યામાં યાત્રીઓ લાભ લે છે. એરપોર્ટ સુધી મેટ્રોના લીધે શહેરના અલગ-અલગ વિસ્તારોમાંથી દૂર-દૂરથી આવનારા યાત્રીઓને ટ્રાફિકથી છુટકારો મળશે. હાલ એરપોર્ટ પરથી આવતી વખતે ખૂબ ભાડું પડાવી લેવાતું હોવાની ફરિયાદો વારંવાર આવે છે અને પર્યાપ્ત ટ્રાન્સપોર્ટેશનના અભાવે લોકોને નાછૂટકે વધારે ભાડું ચૂકવવું પડે છે, તેનાથી રાહત મળશે. તે ઉપરાંત મોટા વરાછા, સરથાણા, નિયોલ, ભેસાણ સહિત દૂર-દૂરથી આવનારા યાત્રીઓ માટે મેટ્રો ખૂબ ઉપયોગી સાબિત થશે.

### અલગ-અલગ રૂટથી મેટ્રોને એરપોર્ટ સુધી દોડાવવા પર વિચાર

સુરત એરપોર્ટ સુધી મેટ્રો દોડાવવા માટે અલગ-અલગ પોઇન્ટથી એરપોર્ટ રૂટ તૈયાર કરવા માટે પ્રાથમિક કવાયત હાથ ધરવામાં આવી છે. હાલ મેટ્રો પ્રોજેક્ટ બે રૂટ પર બનાવવામાં આવી રહ્યો છે. જેમાં કોરિડોર-૧ એટલે કે સરથાણાથી ડ્રીમ સિટી અને કોરિડોર-૨ એટલે કે સારોલીથી ભેંસાણ સુધી દોડાવવામાં આવશે. એરપોર્ટ સુધી મેટ્રોના ટ્રેક માટે ત્રણ વિકલ્પો છે. જેમ કે પ્રથમ વિકલ્પ અઠવાગેટથી એરપોર્ટ સુધી બીજો વિકલ્પ વીઆઇપી રોડથી એરપોર્ટ અને ત્રીજો વિકલ્પ ડ્રીમ સિટીથી એરપોર્ટ સુધીનો છે. ત્રણેય પૈકી જે રૂટ પરથી ટ્રાફિકનું ભારણ વધુ હશે અને અન્ય રિપોર્ટ પોઝિટિવ હશે તેની પસંદગી કરવામાં આવશે. જોકે ડ્રીમસિટીથી એરપોર્ટ સુધી મેટ્રો દોડાવવામાં આવે તો તેનો સીધો લાભ ડાયમંડ બુર્સને મળી શકે છે અને અન્ય શહેરોમાંથી આવનારા બાયર્સ સરળતાથી પહોંચી શકશે.